# 'કર્પૂરપ્રકર'નો રચનાકાળ

નૈતિક ઉપદેશ ઉદ્દેશિત, કથાપ્રતીકાત્મક સૂક્તાવલીયુક્ત પદ્યો ધરાવતી શ્વેતાંબર જૈન રચનાઓમાં 'કર્પૂરપ્રકર' એક, પ્રમાણમાં અલ્પજ્ઞાત પરંતુ ધ્યાન ખેંચે તેવી, રચના છે[1]. વિવિધ સંસ્કૃત વૃત્તોમાં નિબદ્ધ આ સરસ, સુષ્ઠુ, અને પ્રસન્નકર કૃતિ ઘણા સમયથી દુષ્પ્રાપ્ય બની છે[2]. અનુગુપ્તકાલીન શ્વેતાંબર આચાર્ય ધર્મદાસગણિની પ્રાકૃત રચના **ઉપદેશમાલા** અને એ જ કાળમાં મૂકી શકાય તેવી યાપનીય સંઘના અગ્રણી શિવાર્યની **આરાધના**ની જેમ અહીં પણ નીતિપ્રવણ સૂક્તોને, જૈન સાહિત્યમાં તેમ જ લૌકિક વ્યવહારમાં (અને પૌરાણિકાદિ સાહિત્યમાં) જાણીતા દૃષ્ટાંતરૂપ સારા કે નરસા પાત્રોના ઉલ્લેખ સાથે, અનાયાસે ગૂંથી લીધાં છે. કુલ ૧૭૯ પદ્યોમાં નિબદ્ધ આ મનોહર કૃતિના આરંભ અને અંતનાં પદ્યો આ પ્રમાણે છે :

कर्पूरप्रकरः शमामृतरसे वक्त्रेंदुचंद्रातपः,
शुक्लध्यानतरुप्रसूननिचयः पुण्याब्धिफेनोदयः ॥
मुक्तिश्रीकरपीडनेच्छसिचयो वाक्कामधेनोः पयो,
व्याख्यालक्ष्यजिनेशपेशलरदज्योतिश्चयः पातु वः ॥१॥

અને

श्री **वज्रसेन**स्य गुरोस्त्रिषष्टि-
सारप्रबंधस्फुटसद्गुणस्य ॥
**शिष्येण** चक्रे **हरि**णेयमिष्टा,
**सूक्तावली नेमीचरित्र**कर्त्ता ॥१७९॥

અંતિમ પદ્યમાં કવિએ પોતાનો **ત્રિષષ્ઠિસારપ્રબંધ**-કર્તૃ એવા વજ્રસેનગુરુના શિષ્ય 'હરિ' રૂપે પરિચય આપ્યો છે; અને રચનાને **સૂક્તાવલી** અભિધાન આપ્યું છે, **કર્પૂરપ્રકર** નહીં. પરંતુ જેમ બૃહદ્ગચ્છીય સોમપ્રભાચાર્યની એક અત્યંત પ્રસિદ્ધ ઉપદેશપ્રવણ રચના **સૂક્તમુક્તાવલી** એના ઉપોદ્ઘાત પદ્યના આદિમ શબ્દોથી **સિંદૂરપ્રકર** નામથી સુવિશ્રુત બની છે તેમ આ રચનાને પણ તેના પ્રારંભના શબ્દો પરથી **કર્પૂરપ્રકર** એવું અભિધાન મળી ગયું છે, અને પછીથી તો તે જ વિશેષ પ્રચારમાં રહ્યું હોય તેમ લાગે છે. કર્ત્તા હરિ કવિ પોતાની એક અન્ય રચના **નેમિચરિત્ર** હોવાનું જણાવે છે; પણ પ્રસ્તુત રચના હજી સુધી મળી આવી નથી. કર્ત્તાએ પોતાનાં ગણ-ગચ્છ, કે ગુરુ વજ્રસેનની ગુર્વાવલી દીધાં નથી. કદાચ આ કારણસર (સ્વ૦) મોહનલાલ દલીચંદ દેશાઈ કર્ત્તાના સમય વિશેના અવલોકનમાં જણાવે છે કે "તેમનો સમય નિર્ણીત થઈ શક્યો નથી[3].

નિ૦ ઐ૦ ભા૦ ૧-૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કર્પૂરપ્રકર** પર ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિ શિષ્ય સાગરચંદ્ર(સં૰ ૧૪૮૯-૧૫૦૫ / ઈ૰ સ૰ ૧૪૩૩-૧૪૪૯) દ્વારા **અવચૂર્ણિ-લઘુ ટીકા** રચાઈ છે; આથી એટલું તો ચોક્કસ કે રચના ૧૫મા સૈકા પહેલાંની છે. વજ્રસેન વિશે વિચારતાં પ્રસ્તુત નામધારી પાંચેક આચાર્યો શ્વેતાંબર પરંપરામાં થઈ ગયા છે, જેમાંથી ઈસ્વીસન્‌ના આરંભકાળના અરસામાં થઈ ગયેલા આર્ય વજ્રના શિષ્ય આર્ય વજ્રસેન અહીં વિવક્ષિત નથી; તેમ જ ૧૫મા શતકના નાગોરી તપાગચ્છના વજ્રસેન, કે પછી વાદીન્દ્ર દેવસૂરિની પરિપાટીમાં થયેલા બૃહદ્‌ગચ્છીય વજ્રસેન(સં૰ ૧૩૮૪ / ઈ૰ સ૰ ૧૩૨૮) પણ સંબંધકર્ત્તા વજ્રસેન હોવાનો સંભવ ઓછો છે[૪]. ચોથા વજ્રસેન, બૃહદ્‌ગચ્છીય વાદિ દેવસૂરિના શિષ્ય મહેશ્વરને **પાક્ષિકસપ્તતિ** પરની એમની **સુખપ્રબોધિની-વૃત્તિ**ની રચનામાં સહાયકરૂપે નોંધાયા છે[૫], અને એમનો સમય ઈસ્વીસન્‌ની ૧૨મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં ઘટી શકે, છેલ્લે પાંચમા વજ્રસેન તપાગચ્છની વડી પોસાળના પ્રવર્તક વિજયચંદ્રસૂરિના શિષ્ય રૂપે, અને પ્રસિદ્ધ આગમિક વૃત્તિકાર ક્ષેમકીર્તિના સાધર્મા રૂપે દેખા દે છે; એમનો સમય પ્રાયઃ ઈ૰ સ૰ ૧૨૫૦-૧૨૮૦ના ગાળામાં પડે[૬].

કૃતિમાં રજૂ થયેલ પ્રૌઢીના અધ્યયન બાદ, તેમ જ કેટલાક સાંયોગિક પુરાવાઓના આધારે તેઓ ઉપરકથિત ચોથા યા તો પાંચમા વજ્રસેન હોઈ શકે તેમ પ્રથમ દૃષ્ટિએ લાગે છે; ૧૨મા શતકના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા રાજગચ્છીય ધર્મસૂરિ, ખરતરગચ્છીય જિનપતિસૂરિ, અને બૃહદ્‌ગચ્છીય સોમપ્રભાચાર્યની સમકક્ષ શૈલીનું અહીં અનુસરણ છે. 'કર્પૂરપ્રકર' જેવા ઉપાડની પાછળ સોમપ્રભસૂરિની રચનાના 'સિંદૂરપ્રકર' શબ્દો અને પ્રણાલી આદર્શરૂપે રહ્યાં હોય તો ના નહિ.

વસ્તુતયા કૃતિમાં જ તેનો કાળ, તેની પૂર્વ સીમા નિર્ધારિત કરનારાં પ્રમાણો મોજૂદ છે. પદ્યોમાં ઉદાહરણરૂપે જે વ્યક્તિઓનાં નામ ઉલ્લિખિત છે તેમાંનાં ઘણાખરાં તો પુરાણા જૈન ઇતિહાસ તેમ જ જૈન કથાનકોનાં પાત્રોનાં જ છે; પણ ત્યાં બે ઐતિહાસિક નામો ધરાવતાં સ્થાન એવાં છે કે સાંપ્રત વિષયમાં નિર્ણાયક બને છે. તેમાં એક તો છે યાકિનીસૂનુ હરિભદ્રસૂરિનો, તેમને પ્રવ્રાજિત કરવામાં નિમિત્તભૂત બનનાર શ્રમણી યાકિની મહત્તરાનો, યથા :

> किं पूज्या **श्रमणी** न सा श्रुतरसा दुर्बोधहृन्मोहहृत्,
> मात्रासक्तकुबेरदत्तदयिता साध्वीव जातावधिः ॥
> धन्या एव चिरंतना व्रतधना अप्याधुनिक्यः शुभा,
> **याकिन्या हरिभद्र**वादिमुकुटः सोऽबोधि वाङ्मात्रतः ॥६९॥

આના આધારે આપણા કર્ત્તા નિશ્ચયતયા ઈસ્વીસન્‌ની આઠમી સદી બાદના ઠરે છે; અને બીજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એથીયે વિશેષ મહત્ત્વનો તે "ચૌલુક્ય" એટલે કે કુમારપાળનો, જેને વિશે ત્યાં આગળ કહ્યું છે કે ક્ષત્રિય હોવા છતાં એણે માંસભક્ષણાદિનો પરિત્યાગ કરી દીધેલો. યથા :

निःस्वत्त्वं निर्दयत्वं विविधविनटनाः शौचनाशात्महानी,
अस्वास्थ्यं वैरवृद्धिर्व्यसनफलमिहामुत्र दुर्गत्यवाप्तिः ॥
**चौलुक्य**क्ष्मापवत्तद्व्यसनविरमणे किं न दक्षा यतध्वं,
जानन्तो माऽन्धकूपे पतत चलत मा दृग्विषाहेः पथा हे ? ॥१०४॥

આથી એટલું તો નિશ્ચિત છે કે કર્ત્તા કાં તો કુમારપાળના સમયમાં, કે તે પછી બહુ દૂર નહિ તેવા સમયમાં થઈ ગયેલા. આ કારણસર પીછાનમાં ઉપરના બેમાંથી એક વજ્રસેન-કાં તો તપાગચ્છીય અને કાં તો બૃહદ્‌ગચ્છ સાથે સંકળાયેલા—મુનિને પસંદ કરવા પડશે. તપાગચ્છીય મુનિ વજ્રસેન જો કે ક્ષેમકીર્ત્તિ સરખા સુયોગ્ય વિદ્વાન અને સમર્થ વૃત્તિકારના ગુરુબંધુ છે; પણ પ્રસ્તુત વજ્રસેનની કૃતિઓ સંબંધમાં કશું જ જાણમાં નથી, જ્યારે બૃહદ્‌ગચ્છીય મહેશ્વરસૂરિના વૃત્તિ-સર્જન સહાયક વજ્રસેનના શાસ્ત્રજ્ઞાન ઉપરાંત સંસ્કૃત પરના પ્રભુત્વ સંબંધમાં જોરદાર ગવાહી આપોઆપ મળી રહે છે. આ કારણસર, તેમ જ હરિ કવિની ૧૨મા શતકની સરાસરી પ્રૌઢીને ધ્યાનમાં લેતાં, **કર્પૂરપ્રકર**ના કર્ત્તા રૂપે, હાલ અજ્ઞાત એવા કોઈ અન્ય જ વજ્રસેન-શિષ્ય સંબંધમાં પ્રમાણ ઉપસ્થિત ન થાય ત્યાં સુધી તો ૧૨મી સદીવાળા વજ્રસેનનો જ સમય-વિનિશ્ચયમાં ઉપયોગ કરીએ તો કોઈ આપત્તિ દેખાતી નથી. તદન્વયે **કર્પૂરપ્રકર**નો રચનાકાળ ઈ૰ સ૰ ૧૧૮૦-૧૨૩૦ના ગાળામાં મૂકી શકાય.

લેખનનું મૂળ કથન તો અહીં પૂરું થાય છે; પણ **સિંદૂરપ્રકર** અપરનામ **સોમશતક** વા **સૂક્તમુક્તાવલી**ના કર્તૃત્વ વિશે કેટલીક સ્પષ્ટતા જરૂરી બની રહે છે. પ્રસ્તુત ગ્રંથની દિગંબર સંપ્રદાયમાં પણ માન્યતા હોવાનું કહેવાય છે; કદાચ એથી જ તો દિગંબર વિદ્વાન્ ગુલાબચંદ્ર ચૌધરીએ તેને શ્વેતાંબર સોમપ્રભાચાર્યની ગણાવવાને બદલે "અજ્ઞાતકર્તૃક" ઘટાવી છે[૭]. પણ પહેલી વાત તો એ છે કે કૃતિના અંતિમ પદ્યોમાં કર્ત્તાએ પોતાનો પરિચય આપ્યો જ છે, જે કૃત્રિમ નથી કેમ કે જે શૈલીમાં પૂર્વનાં ૯૮ પદ્યો રચાયાં છે તે જ શૈલીમાં છેલ્લાં બે પદ્યો છે જે નીચે મુજબ છે, યથા :

**सोमप्रभाचार्य**मभा च यत्र, पुंसां तमःपङ्कमपाकरोति ॥
तदप्यमुष्मिन्नुपदेशलेशे, निशम्यमानेऽनिशमेति नाशम् ॥९९॥
अभज**दजितदेवाचार्य**पट्टोदयाद्रि-द्युमणि**विजयसिंहाचार्य**पादारविन्दे ।
मधुकरसमतां यस्तेन **सोमप्रभेण**, व्यरचि मुनिपराज्ञा **सूक्तमुक्तावली**यम् ॥१००॥

આ છેલ્લાં બે પદ્યો કાઢી નાખીએ તો **સિંદૂરપ્રકર**નું "શતક" રૂપ નષ્ટ થઈ જાય; એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણસર પણ એ પદ્યોની ઉપસ્થિતિ અનિવાર્ય બને છે; અને અંતિમ પદ્યોમાં કર્ત્તા પોતાનાં નામાદિ પ્રકટ કરે તે પણ કાવ્યપરિપાટીમાન્ય વસ્તુ છે.

તદતિરિક્ત **કર્પૂરપ્રકર**ની જૂનામાં જૂની પ્રતો પણ ઠીક સંખ્યામાં શ્વેતાંબર જૈન ભંડારોમાં જ મળે છે. વિશેષમાં તેના પર રચાયેલ ત્રણ ટીકાઓ—ખરતરગચ્છીય ચારિત્રવર્ધનની સં૦ ૧૫૦૫ / ઈ૦ સ૦ ૧૪૪૯ની, બાદ એ જ ગચ્છના જિનસાગરસૂરિના શિષ્ય ધર્મચંદ્રગણિની (ઈસ્વીસન્‌ના ૧૫મા સૈકાનું આખરી ચરણ), અને ૧૭મા શતકના આરંભે નાગોરી-તપાગચ્છીય ચંદ્રકીર્ત્તિ-શિષ્ય હર્ષકીર્ત્તિ ગણિની શ્વેતાંબર કર્ત્તાઓની જ છે. સોમપ્રભાચાર્યના સ્વકીય **જિનધર્મપ્રતિબોધ**(પ્રાકૃત)માં તેનાં કેટલાંક પદ્યો ઉદ્ધૃત પણ કર્યાં છે; બન્ને વચ્ચે વિષય-વસ્તુ તેમ જ સારવારમાં સમાનતા પણ છે. આમ તો કૃતિમાં પ્રસ્તુત થયેલ કેટલાયે ભાવો જૈનોના બન્ને સંપ્રદાયોને માન્ય છે; પણ કૃતિમાં જિનપૂજા પર અને તેના ફળ પર અપાયેલું વિશેષ જોર, આગમને અપાયેલ મહત્ત્વ ઇત્યાદિ લક્ષમાં લેતાં રચયિતા ન તો દિગંબર સંપ્રદાયના છે કે ન તો કૃતિ 'અજ્ઞાતકર્તૃક'. સોમપ્રભાચાર્યની એક અન્ય પ્રાકૃત્ત કૃતિ **સુમતિનાથચરિત્ર** છે; પણ સંસ્કૃતમાં પણ તેમની બે અન્ય કૃતિઓ જાણીતી છે; એક તો છે **શૃંગાર-વૈરાગ્યતરંગિણી** તેમ જ બીજી છે **શતાર્થી. પ્રથમ**માં પ્રત્યેક પદ્ય દ્વયર્થક-શૃંગાર તેમ જ વૈરાગ્યનો ભાવ પ્રકટ કરનારા હોઈ એક પ્રકારે દ્વિસંધાન-કાવ્ય કહી શકાય.

સંપાદક મુનિવર પ્રદ્યુમ્નવિજય (વર્તમાને આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિ) પ્રાક્કથનમાં **સિંદૂરપ્રકર**નો રચના સંવત્ ૧૨૩૩ (ઈ૦ સ૦ ૧૧૭૭) જણાવે છે, જે સંભાવ્ય તથ્ય મૂળ કૃતિમાં કે અન્યત્ર નોંધાયાનું જાણમાં નથી[૮].

**ટિપ્પણો :-**

૧. પ્રકટકર્ત્તા હરિશંકર કાલિદાસ, અમદાવાદ ૧૯૦૧.

૨. આ મહત્ત્વપૂર્ણ કૃતિનું પુનર્મુદ્રણ થવું જરૂરી છે.

૩. મો૦ દ૦ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**, મુંબઈ ૧૯૩૧-૩૨, પૃ૦ ૪૭૫, પાદટીપ ૪૫૫.

૪. *Cf. C. D. Dalal, A Descriptive Catalogue of Manuscripts in the Jain Bhandars at Pattan*, Vol. I, Baroda 1937, p. 243.

પં૦ લાલચંદ્ર ગાંધી બાદશાહ અલાઉદ્દીન (ખિલજી) દ્વારા સન્માનિત જે આચાર્ય વજ્રસેનની વાત કરે છે તે આ હશે ? સમય તો એ જ છે. (જુઓ **ઐતિહાસિક લેખ-સંગ્રહ**, શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૩૫. વડોદરા, ૧૯૬૩, પૃ૦ ૨૩૫, કક્કસૂરિકૃત **નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ**માં ઈ૦ સ૦ ૧૩૧૫માં સમરાસાહની સંગાથે ભંગ પશ્ચાત્ શત્રુંજયતીર્થના ઉદ્ધાર માટે ચાલેલા સંઘમાં અનેક આચાર્યો સાથે હેમસૂરિ-સંતાનીય વજ્રસેન સૂરિની પણ નોંધ મળે છે, તે વળી બીજા જ વજ્રસેન હોઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. દેશાઈ, ઉપર્યુક્ત, પૃ૦ ૩૩૬ ક્રં૦ ૪૮૪.

૬. એજન, પૃ૦ ૪૧૫, ક્રં૦ ૫૯૮.

૭. જુઓ **जैन साहित्य का बृहद् इतिहास**, भाग ६, वाराणसी, १९७६, पृ० ५६०.

૮. श्रुतज्ञान प्रसारक सभा, अहमदाबाद, १९८४.

'સિંદૂરપ્રકર' કાવ્યનું ઉપોદ્ઘાત પદ્ય આ પ્રમાણે છે :

**सिन्दूरप्रकर**स्तपः करिशिरः क्रोडे कषायाटवी,
दावार्च्चिर्निचयः प्रबोधदिवसप्रारंभसूर्योदयः ।
मुक्तिस्त्रीकुचकुम्भकुङ्कुमरसः श्रेयस्तरोः पल्लव-
प्रोल्लासः क्रमयोर्नखद्युतिभरः **पार्श्व**प्रभोः पातु वः ॥१॥

એક **હિંગુલપ્રકર** નામક કાવ્યકૃતિનો ઉલ્લેખ પણ જોવા મળ્યો છે. એ અભિધાન પણ **સિંદૂરપ્રકર**ને આભારી હોઈ શકે છે. (આવી નોંધ (સ્વ૦) હીરાલાલ રસિકદાસ કાપડિયાએ ક્યાંક આપ્યાનું સ્મરણ છે.)

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org